ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૦ ટકા ● સાંજે ૨૪ ટકા

# ધંધા-રોજગારમાં છૂટછાટનો મતલબ એ નથી કે કોરોના જતો રહ્યો

## લોકડાઉન ખુલે કે અમુક ધંધા-રોજગારને છુટછાટ આપવામાં આવી છે પરંતુ દુકાનદારો અને શહેરીજનોએ કોરોના સંક્રમણથી બચવા ખાસ કાળજી લેવી પડશે : શહેરીજનોએ પોતાની જવાબદારી સમજીને ઘરની બહાર નીકળવું : શહેરના અગ્રણીઓ

ગાંધીનગર, તા.૨૫

કોરોના મહામારીને લડત આપવા સરકાર દ્વારા લોક ડાઉન જાહેર કરવામાં આવ્યું છે. બીજી વખત જાહેર કરેલા લોક ડાઉન નું શહેરીજનો સંપૂર્ણપણે પાલન કરી રહ્યા છે. કાલાવડ ખોલવાની પણ હવે સાત દિવસ જેટલી જ વાર છે ત્યારે ગુજરાત સરકાર દ્વારા રાજ્યના અમુક ધંધાને લગતા મુક્ત કરવામાં આવ્યા છે એટલે કે તારીખ ૨૬ એપ્રિલ થી અમુક દુકાનદારોને છૂટછાટ આપવામાં આવી છે. જેમાં સ્ટેશનરી, પુસ્તક, મોબાઈલ રીપેરિંગ, ઈલેક્ટ્રીક, એસી રીપેરીંગ, ચશ્મા ની દુકાન, ખાનગી ડેરીના દુકાનદારોને દુકાન ખુલ્લી રાખવા મંજૂરી આપવામાં આવી છે પરંતુ આ દુકાનદારો અને શહેરીજનોને કોરોના સંક્રમણથી બચવા અમુક બાબતોની ખાસ કાળજી લેવી પડશે.

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના અમુક ધંધાદારીઓને પોતાની દુકાન ખુલ્લી રાખવા સૂચન કરવામાં આવ્યું છે આ દુકાનોમાં કન્ટેન્ટ એરિયાની બહાર આવેલી દુકાન કે ઓફિસ આજ થી પોતાનો ધંધો કે કામ કરી શકશે, તે માટે માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સનું ફરજિયાત પણે પાલન કરવું જરૂરી, સાથે નિયમિત સ્ટાફ ના ૫૦% થી દુકાન ચલાવવાની કન્ડિશન સાથે સ્ટેશનરી, પુસ્તક, મોબાઈલ રેપેરિંગ, ઈલેક્ટ્રીક, એસી રીપેરીંગ, ચશ્માની દુકાન, ખાનગી ડેરી તથા આઈ ટી કંપનીઓને પોતાનું કાર્ય કરવા છૂટછાટ આપવામાં આવી છે.

કોરોના વાયરસના ફેલાવાને સંક્રમણથી બચવા પ્રોપર હેન્ડવોશ કરવું અને સોશિયલ ડિસ્ટન્સ જાળવવું એ બાબતે હાલ શહેરીજનો માહિતગાર છે પરંતુ લોક ડાઉન ખુલ્યું છે અને બહાર નીકળી જવું તે હાનિકારક સાબિત થઈ શકે છે. આ બાબતે શહેરના અગ્રણીઓનો મત પૂછતા તેમણે પણ જણાવ્યું છે કે, સરકાર દ્વારા આપવામાં આવેલી છૂટછાટનો ઉપયોગ સાવધાની અને કાળજી પૂર્વક કરવો જોઈએ. જે અંતર્ગત તેઓ જણાવી રહ્યા છે કે,

**● અરૂણ બુચ (ગાંધીનગર શહેર અગ્રણી)**

સરકારે આપેલી છૂટ નો દુરુપયોગ ન થાય પરંતુ સદુપયોગ કરી વિના કારણે બહાર ન નીકળી પોતાની વિવેકબુદ્ધિથી જાતે જ પોતાના



માટે બહાર નીકળવું કે નહી તે અંગેનો નિર્ણય લેવો જોઈએ.

**● રીટાબેન પટેલ (મેયર, ગાંધીનગર મહાનગરપાલિકા)**

આજથી સરકાર દ્વારા અમુક કામ ધંધાને ચાલુ કરવાની પરવાનગી આપવામાં આવી છે તેને હું આવકારું છું પણ હજી કોરોનાના સંદર્ભમાં વ્યવસાયના માણસોએ ગંભીરતાને અનુસરીને પાલન કરવું જરૂરી છે જે પોતાનો વ્યવસાય શરૂ કરે તે સરકારની ગાઇડ લાઇન સંપૂર્ણપણે પાલન



કરે સોશિયલ ડિસ્ટન્સ રાખે અને માસ્ક અવશ્ય પહેરે તથા વારંવાર હાથ ધોવે અને જ્યારે પણ દુકાનમાં કોઈ ગ્રાહક ન હોય તો આજુબાજુના દુકાનદાર સાથે વાતો કરવા જવું નહિ અને પોતાના સગા સંબંધીઓ કે મિત્રોને પોતાની દુકાને ન આવવા દેવા. આ બાબતોનું ચોક્કસપણે પાલન થાય તો ગાંધીનગર મુક્ત જ રહેશે. મારા મતે કોઈપણ શહેરીજને પહેલા પોતાના પછી પોતાના પરિવાર અને પછી શહેર માટે વિચારી કામ વગર બહાર ન જવું જોઈએ.

**● દેવેન્દ્રસિંહ ચાવડા (સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, ગાંધીનગર મહાનગરપાલિકા)**

શહેરીજનોએ સેલ્ફ



અવેરનેસ રાખવી તે માટે ગલોવ્ઝ અને માસ્ક પહેરવું સોશિયલ ડિસ્ટન્સ જાળવવું અને સભ્યતા જાળવવી આ તમામ બાબતનું ધ્યાન રાખવું જરૂરી છે. આ આપણા પરિવાર અને દેશની મદદ માટે છે આ કોઈને શીખવાડવું જ ન પડે દરેક શહેરીજનોએ જાતે જ સમજી ને ચાલવું જોઈએ.

**● ડો. દેવી ગજ્જર (ઇ.એન.ટી. સર્જન)**

કોરોના પેનીડેમીકની આ મહામારીમાં કોરોનાનો ફેલાવો ન થાય માટે આપણે સૌ લોક ડાઉનમાં રહ્યા. લોક ડાઉન ખૂલે કે ધંધા-રોજગારમાં છૂટછાટ અપાય એનો મતલબ એવો નથી કે કોરોના નહીં થાય. જેમ ફ્લૂ અને તેના કે તેના જેવા અનેક રોગ આપણી સાથે જ છે તેમ કોરોના લાઈફ ટાઈમ આપણી સાથે જ છે. આપણે જ્યાં પણ જોઈએ હાઈજીનનું ધ્યાન રાખીશું. સામાન્ય શરદી કે ઉધરસ હોય તો માસ્ક પહેરવું,




ઘરે આવી હાથ ધોવા, કે અન્ય તકેદારીઓ નું આપણે પોતે જ ધ્યાન રાખવું પડશે. આપણા જીવનની જીવનશૈલીમાં આ તમામ તકેદારી બાબતોને હવે ઉતારવી પડશે. કોરોના હવે સહજીવન છે.

# અબોલ જીવોની સેવા થકી પરશુરામ જયંતિની ઉજવણી







ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરમાં આજ રોજ પરશુરામ દાદાની જન્મજયંતિની ઉજવણી સાદગીથી કરવામાં આવી હતી. આ પાવન પર્વે શહેરના 'આરબી સેવાદળ' દ્વારા શહેરમાં અબોલ પશુઓ અને પક્ષીઓને ચણ અને બિસ્કીટ ખવડાવવાની સેવા કરીને અનોખી ઉજવણી કરવામાં આવી હતી.

ગાંધીનગરમાં આજ રોજ પરશુરામ દાદાની જન્મજયંતિના પાવન પર્વે શહેરના 'આરબી સેવાદળ' જેને 'રોયલ ભૂદેવ સેવાદળ'ના નામથી પણ ઓળખવામાં આવે છે તેના તરફથી શહેરમાં અબોલ પશુઓ જેવાકે વાંદરા-કૂતરાં વગેરે માટે ૧૪૪ પેકેટ્સ બિસ્કીટ અને પક્ષીઓ માટે ૬૦ કિલો ચણ વિતરણનું આયોજન કરીને પશુ-પક્ષીઓને ખવડાવવામાં આવ્યા હતા. આ સેવાકાર્યમાં ગાંધીનગર શહેર તથા રાંધેજા, સરગાસણ, કુડાસણ, ઈન્દ્રોડા વગેરે ગામના વિસ્તારમાં હાથ ધરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યને સફળ બનાવવા આરબી સેવા દળના તુષારભાઈ રાવલ, ક્રિષ્નભાઈ જાની, રાજ ત્રિવેદી, ભવાનીભાઈ પંડયા, ક્રીશ જાની, નિરાદભાઈ જાની, રાજનભાઈ ત્રિવેદી, જયદીપભાઈ પંડયા તથા બીજા મિત્રોનો સાથ-સહકાર સાંપડયો હતો. આ સેવા કાર્ય દરમ્યાન કોરોના વાયરસ સંક્રમણની ભીતિને પગલે સ્વયંસેવકો દ્વારા સોશ્યલ ડિસ્ટન્સિંગનું પણ પુરતું ધ્યાન રાખવામાં આવ્યું હતું.



ગાંધીનગરના પ્રવેશદ્વાર સમાન રક્ષાશકિત સર્કલે દિવસ-રાત પોલીસકર્મીઓ તહેનાત રહે છે. અહીંથી કોઈને પ્રવેશ અપાતો નથી. આરોગ્યકર્મીઓની ટીમ પણ અહીં ફરજ બજાવી રહી છે. ઉનાળો શરૂ થઈ ગયો છે. ત્યારે ફરજ બજાવતા આ પોલીસકર્મીઓ-સ્વાસ્થ્ય કર્મીઓ માટે એક સેવાભાવીએ એરકુલરની વ્યવસ્થા ગોઠવી આપી છે.

# ગાંધીનગરમાં ૧૯ નાગરીકો સામે જાહેરનામા ભંગની ફરીયાદ

સમગ્ર ભારતમાં ચાલી રહેલા લોકડાઉન વચ્ચે પણ કેટલાક નાગરીકો બિન જરુરી બહાર નીકળી રહ્યા છે. ત્યારે પાટનગરની નજીક આવેલા રાંધેજા ગામની ડેરી પાર્લરમાં કામ વિના બેઠેલા ચાર નાગરીકો સામે પોલીસે ગુનો નોંધ્યો છે. રાંધેજા ચોકડી પાસે આવેલા શ્યામ સ્કવેર ફ્લેટમાં આવેલ ડેરી પાર્લરમાં દુધ આવ્યું ન હતું. તેમ છતા કામ વિના બેસી રહેલા હર્ષદકુમાર મનહરભાઈ પટેલ, જયકુમાર જશવંતભાઈ પટેલ, ભીખાભાઈ મથુરદાસ પટેલ, સુનિલકુમાર જગદીશભાઈ પટેલ સામે પેથાપુર પોલીસ મથકે ગુનો નોંધાયો છે. તો બીજીતરફ શિહોલી મોટી ગામની સીમમાં ચેહર ચાંમુડા પાન પાર્લર શરુ રાખનાર મનુજી છનાજી ઠાકોર સામે ચિલોડા પોલીસે કાર્યવાહી કરી હતી. જયારે શહેરના સેકટર-૪ બી જાહેર માર્ગ પરથી ૨, સેકટર-૨૫ જીઆઈડીસી વિવેકાનંદનગર પાસે ખુલ્લી જગ્યામાંથી ચાર, તાલુકાના મહુંધરા ગામે બહુચર માતાના મંદિરની સામેથી ૪, ઝાખોરા ગામે ભાગોળમાં ઓટલા પરથી ૪ શખ્સોને ઝડપીને પોલીસે જાહરનામા ભંગની ફરીયાદ નોંધી છે.

# ગાંધીનગરના રાજસ્થાન સાવર્જનિક સેવા ટ્રસ્ટ દ્વારા ગાયમાતાને નીરવાની સેવા

## ગૌ સેવા માટે દરરોજ ૧૨૦૦ કીલો ચારો નીરવા ચિલોડા પાસે એક ખેતર ભાડે રાખી લીધું






ગાંધીનગર, તા. ૨૫

કોરોના રોગચાળાના કારણે ઠપ્પ થઈ ગયેલા જનજીવનમાં શહેરમાં જરૂરીયાતમંદ વર્ગ, મધ્યમવર્ગ ઉપરાંત શહેરમાં ગાય માતાઓને પણ પેટ ભરવામાં તકલીફ પડી રહી છે. આ પરિસ્થિતિમાં ગાંધીનગરના રાજસ્થાન સાવર્જનિક સેવા ટ્રસ્ટ અને દાતા ટ્રસ્ટીઓના માધ્યમથી મધ્યમ વર્ગ અને જરૂરિયાતમંદો માટે ઘ-૫ પેટ્રોલ પમ્પની પાછળ ચૌપાટી ફૂડકોર્ટ ખાતે સવારે અને સાંજે આશરે ૮૦૦ જેટલા નાગરિકો માટે ભોજન તો પુરું પાડવામાં આવે ચવે તેની સાથે સાથે ગાય માતા માટે લીલા ઘાસચારાનું પણ નીરવામાં આવી રહ્યો છે.

રાજસ્થાન સાવર્જનિક સેવા ટ્રસ્ટના તુલસીભાઈ માલીએ જણાવ્યું હતું કે સંસ્થા દ્વારા ગાય માતા માટે તા.૩જી મે એટલે કે લૉકડાઉનના અંત સુધી ઘાસચારો મળી શકે તે માટે આયોજન કરવામાં આવ્યું છે. આ સેવા કાર્યમાં દરરોજ આશરે ૧૨૦૦ કિલો જેટલો ઘાસચારો અત્રે એકત્રિત થતી ગાય માતાઓને નીરવામાં આવી રહ્યો છે. આ સેવા કાર્ય માટે મોટા ચિલોડા પાસે રાજસ્થાન સાવર્જનિક સેવા ટ્રસ્ટ દ્વારા રોજનો ૧૨ લીલો ઘાસચારો પુરો પાડતું એક ખેતર ભાડે રાખી લેવામાં આવ્યું છે અને સંસ્થાના સ્વયંસેવકો સમગ્ર ગાંધીનગર શહેરના વિવિધ સેક્ટરોમાં ગાડી લઈને ફરી ફરીને ગાય માતાને લીલો ઘાસચારો નીરવાની સેવા પુરી પાડી રહ્યાં છે.







તંત્ર દ્વારા ઉદ્યોગ ધંધામાં થોડી રાહત આપવામાં આવી છે. તેવા સંજોગોમાં કેટલાક વેપારીઓ અને ગ્રાહકો વર્તમાન પરિસ્થિતિની ગંભીરતા સમજવા તૈયાર નથી. સેક્ટર-૨૪ ખાતે આવેલ કરિયાણાની તથા દવાની દુકાનમાં લોકોની ભીડ જોવા મળી હતી કોઈ પણ રીતે સોશીયલ ડિસ્ટન્સિંગ જોવા મળ્યું ન હતું અને વેપારીને એમનો ધંધો કરવામાં જાણે સમય જ ના હોય તે રીતે વર્તન કરી રહ્યા હતા. સરકાર તરફથી છૂટ આપવામાં આવી છે ત્યારે તેનો ઘણી જગ્યાએ દુરૂપયોગ થઈ રહ્યો છે.

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મધુર ડેરીના ચેરમેનને ફોન કરી પશુપાલકો સહિત જિલ્લાના ખબર-અંતર પૂછ્યા

ગાંધીનગર, તા. ૨૫

કોરોનાના કહેરમાં પણ ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના વડાપ્રધાન તેમજ દેશના ગૃહમંત્રી ગુજરાતના વિવિધ આગેવાનો સાથે ફોન ઉપર વાત કરીને વ્યક્તિગત અને સ્થાનિક ખબર અંતર પૂછી રહ્યાં છે. તાજેતરમાં વડાપ્રધાને નારણભાઈને ફોન કરીને ખબર પછયા હતા તો આજે ગાંધીનગર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે પોતાના મતવિસ્તારના સહકારી આગેવાનોના ખબર અંતર પુછી વિસ્તારની પરિસ્થિતિની માહિતી મેળવી હતી.

કોરોના વાયરસ સંક્રમણની કટોકટી વચ્ચે આજ રોજ ગાંધીનગરની મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણાને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે અંગત રીતે ફોન કરીને તેમની વ્યક્તિગત અને ગાંધીનગર જિલ્લાના પશુપાલકો તથા જિલ્લાની સ્થિતિ વિશે ખબર અંતર પૂછ્યા હતા. આ રીતે અચાનક અમિતભાઈનો ફોન આવતા ડૉ. શંકરસિંહે વિસ્તારની ચિંતા કરતા કેન્દ્રીય ગૃહમંત્રીને સમગ્ર વિસ્તારનો ચિતાર આપવા સાથે તેમનો આભાર વ્યકત કરી સર્વ મંગળની આશા વ્યકત કરી હતી. પોતાના લોકસભા વિસ્તારના સહકારી આગેવાનો સાથે આમ ફોન કરીને સ્થાનિક પરીસ્થિતિનો તાગ મેળવી સ્થાનિક આગેવાનોનો ઉત્સાહ વધારવાની આ અનોખી પહેલને ડૉ. શંકરસિંહ રાણાએ પ્રશંસનીય પહેલ ગણાવી હતી.

### ચિરવિદાય

● સ્વ. લક્ષ્મણજી મફાજી ઠાકોર, ઉ.વ. ૪૯

# રૂપાલ ગામમાં વરદાયિની માતાના મંદિર દ્વારા કીટ વિતરણ

ગાંધીનગર, તા. ૨૫

કોરોના વાયરસ સંક્રમણના પગલે દેશભરમાં લાગુ પાડવામાં આવેલા લૉકડાઉનને કારણે શહેર હોય કે ગ્રામીણ વિસ્તાર દરેક જગ્યાએ મોટાભાગના વેપાર ધંધા ઠપ થઈ જવા પામ્યા છે જેના કારણે રોજેરોજ મજૂરી કરીને કમાઈને રોજેરોજ પરિવારનો પેટનો ખાડો પુરતા શ્રમજીવી જરૂરીયાતમંદ વર્ગની હાલત તો અત્યંત મુશ્કેલીભરી બની છે. આ સ્થિતિમાં ગાંધીનગર જિલ્લાના પવિત્ર યાત્રાધામ સમા રૂપાલના વરદાયિની માતાજીના મંદિરેથી ગામના જરૂરીયાતમંદ પરિવારોને અનાજ-કરિયાણાની કીટનું વિતરણ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામે શ્રી વરદાયિની માતાના મંદિર ટ્રસ્ટ દ્વારા મંદિર



સંકુલમાંથી છેલ્લાં બે દિવસ દરમ્યાન અનાજ-કરિયાણાની ૧૫૦૦ જેટલી કીટ બનાવવામાં આવી કોરોના મહામારીના કારણે લાગુ પડેલ લૉકડાઉની પરિસ્થિતિમાં અસર પામેલા આસપાસનાં જરૂરિયાતમંદોને વિતરણ કરવામાં આવી હતી. મંદિરના પુજારી અરવિંદભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે 'બે દિવસથી રૂપાલ ગામમાં ફરી ફરીને શ્રી વરદાયિની માતાજી મંદિર દ્વારા કીટ વિતરણ સેવા હાથ ધરવામાં આવી છે જે માટે મંદિરના ટ્રસ્ટીઓ, સ્ટાફ તથા ગામના કેટલાંક સ્વયંસેવકોએ મળીને અનાજ-કરિયાણાની ૧૫૦૦ જેટલી કીટ તૈયાર કરી હતી. આ કીટમાં તેલ, ખાંડ, દાળ-ચોખા, શાકભાજી તથા ઘંઉ વગેરેનો સમાવેશ કરાયો છે. આ સેવા કાર્યનો તમામ આર્થિક બોજ મંદિર ટ્રસ્ટ દ્વારા ઉપાડવામાં આવી રહ્યો છે. અગાઉ ગામમાં મંદિર ટ્રસ્ટ દ્વારા સેનેટાઈઝર્સનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.' આ સાથે તેમણે શ્રી વરદાયિની માતા જલ્દીથી આ કોરોના મહામારીથી પ્રજાનો છુટકારો કરે તેવી પ્રાર્થના વ્યક્ત કરી હતી.

# પાણીની પરબ તથા પંખીમાળાનું જાયન્ટસ સાહેલી ગૃપ દ્વારા વિતરણ




ગાંધીનગર, તા.૨૫

હાલની ઉનાળાની અસહ્ય ગરમીમાં જીવમાત્ર ત્રાહીમામ પોકારે છે. વળી હાલમાં કોરોના વાયરસની મહામારી વિનાશ સર્જી રહી છે. આવી વિકટ પરિસ્થિતિમાં પણ જાયન્ટસ સાહેલી ગૃપ ગાંધીનગર દ્વારા જુદી જુદી સેવાકીય પ્રવૃત્તિઓ કરાય છે. આજરોજ જયોતેશ્વર મહાદેવ સે-૨૩ની આજુબાજુની સોસાયટીના રહીશોને પંખીમાળા તથા પાણીના કૂંડાનું વિતરણ કરાયેલ જેથી પંખીઓ ઉનાળાની અસહ્ય ગરમીમાં પાણી વિના તરફડે નહીં અને ઠંડકવાળી જગાએ રહેઠાણ કરે છે.

આ કાર્યક્રમમાં સાહેલી ગૃપના તળવરીયા અને માયાળુ સ્વભાવવાળા પ્રમુખ તથા મનપાના કાઉન્સીલર નીલાબેન શુકલ, ડી.એ. અલકાબેન પટેલ તથા સાહેલી ગૃપના પૂર્વ પ્રમુખ મનીષાબેન પટેલ વિગેરેએ હાજરી આપી હતી.